# પરિવારે ઈસુની આરાધના તેમના ઘરમાં કરી

પ્રવૃત્તિઓ શીખવવા માટે બાળકો માંથી અમુક બાળકોની પસંદગી કરો.

**પ્રાર્થના :** “પ્યારા પ્રભુ, અમ વિશ્વાસીઓને અમારા ઘરોમાં લોકોનો ભેગા કરવા માટેનું સામર્થ્ય આપ અને તેઓની આગળ ઈસુના જીવન વિશે કહેવા માટે તથા ઈસુની આરાધના કરવા માટે અમારી મદદ કરે આમેન.

**પ્રે.કૃ ૧૬ :૨૨ થી ૩૬** માંથી ફિલિપીયન જેલરની વાત યાદ રાખીને મોટા બાળક અથવા શિક્ષકે વાંચવી અથવા કહેવી ઘરમાં પ્રભુનું ભજન કેવી રીતે કરવું તે બાત તેના પરથી તમે શીખી શકશો.



વાર્તા કહી દીધા પછી તેની નીચે મુજબના પ્રશ્નો કરો. (જવાબ દરેક પ્રશ્નની પાછળ લખેલ કલમોમાંથી મળશે.)

- ન્યાયાધીશે પાઉલ અને સિલાસની સાથે કેવું આચરણ કર્યું ? (કલમ ૨૩, ૨૪)
- પાઉલ અને સિલાસ મધ્યરાત્રીએ જેલમાં શું કરતા હતા ? (કલમ ૨૫)
- જેલર પોતાની જાતને મારી નાખવા કેમ તૈયાર થયો ? (કલમ ૨૬-૨૭)
- જેલર અને તેના કુટુંબે તારણનો અનુભવ કેવી રીતે કર્યો ? (કલમ ૩૧)
- જેલર અને તેના કુટુંબે રાત્રીના ક્યા પહોરે બાપ્તિસ્મા લીધુ હતું. (કલમ ૨૫ અને ૩૨ થી ૩૪)

  જેલર અને તેના કુટુંબની વાર્તા ને નાટક સ્વરૂપે રજૂ કરો.
- ઈસુની આરાધના કરતી સંગતના આગેવાન સાથે બાળકો આ નાનું નાટક ભજવી શકે તેને માટે આયોજન કરો.
- નાટકની તૈયારી માટે બાળકોની સાથે તમે સમય ગાળો તેમજ ખાસ ધ્યાન રાખો તમારે દરેક પાત્ર નો ઉપયોગ નથી કરવાનો.
- પરીપકવ બાળકે અથવા પુખ્તવયની વ્યક્તિઓ નાટક ના આ પાત્રને ભાગ ભજવવાનો રહેશે. - **પાઉલ - જેલર**

  સાધનોમાં - પટ્ટીઓ જેવું જે બે સાંકળ જેવું લાગે

  અને તલાવાર જેવી લગાતી વસ્તુ નો ઉપયોગ કરો.

  **ઉદ્‌ઘોષક :** વાર્તાનો સારાંશ વર્ણવો ટેબલની કિનારીએ. પથરાનો અથવા ચોપડીઓનો ઢગલો કરો.
- **નાના બાળાકેનો** તમે નાટકમાં સિલાસ, ન્યાયાધીશ, કેદીઓ અને જેલના કુટુંબીજનોના પાત્ર તરીકે ઉપયોગ કરી શકશો.

**નાટક**

**ઉદ્‌ઘોષક** : પ્રે.કૃ. ૧૬:૨૨ થી ૨૮માંથી વાર્તાનો પ્રથમ ભાગ નું વર્ણન કરો. ત્યારબાદ કહો "સાંભળો ન્યાયાધીશ શું કહે છે."

**ન્યાયાધીશ** : જેલર, પાઉલ અને સિલાસને કેદખાનામાં નાંખો. તેઓને માર મારો. અને તેઓની આસપાસ સખત ચોકી પહેરો રાખો.

**જેલર** : તેમના પગની ઘૂંટીઓને સાંકળથી બાંધો. (દોરડાને ગાંઠ મારશો નહિ). ત્યારબાદ બોલો - હું તેમનો કેદખાના ના અંદર ના ઓરડામાં રાખીશ. તેઓનો મારાજીવની જેમ ચોકી પહેરો રાખીશ.

**પાઉલ અને સિલાસ** : મેજની નીચે બેસીને ઈસુ પ્રભુની સ્તુતિ આરાધના કરવા લાગશે.

**જેલર** : "ધરતીકંપ" (ટેબલ હલવા લાગશે અને પથરા અથવા ચોપડીઓ નો ઢગલો કરેલ હતો તે ટેબલ પરથી પડી જશે.)

**પાઉલ અને સિલાસ** : સાંકળો ની કળી જાય છે અને ઊભા થઈ જાય છે.

**કેદીઓ** : આપણે મુક્ત છીએ. કેદખાના ના દરવાજા ખુલ્લા છે.

**જેલર** : (તલવાર ઉઠાવશે અને કહેશે) અરે ! કેદીઓ ભાગી જશે હું હવે આપઘાત કરી લઈશ.

**પાઉલ** : બૂમ પાડે છે."નહીં મારા સાહેબ તમે આપઘાત ન કરશો. અમે બધા અહીં જ છીએ. "

**ઉદ્‌ઘોષક** : પ્રે.કૃ. ૧૬:૨૯ થી૩૩માંથી વાર્તાનો બીજો ભાગનું વર્ણન કરો. ત્યારબાદ કહો "સાંભજો જેલર શું કહે છે."

**જેલર** : "અજવાળુ કરો ! મારે પાઉલ અને સિલાસને જોવા છે." ત્યારબાદ જેલર પાઉલ અને સિલાસ આગળ ઘૂંટણે પડીને બૂમ પાડીને પૂછે છે મારે તારણ પામવા માટે શું કરવું જોઈએ ?

**પાઉલ** : "પ્રભુ ઈસુમાં વિશ્વાસ રાખો કે જેથી તમે અને તમારું કુટુંબ તારણ પામશો.

**જેલરના કુટુંબીજનો** : અમે બધા પ્રભુ ઈસુ પર વિશ્વાસ ધરાવીએ છીએ. અને તેમને અમારા પ્રભુ તરીકે કબૂલ કરીએ છીએ.

**જેલર** : મહેરબાની કરીને મને તમારા જખમ ને સાફ કરવા દો. અને અમે બધા તમારા હાથે આજ રાત્રે બાપ્તિસ્મા લેવા માંગીએ છીએ.

**ઉદ્‌ઘોષક** : પ્રે.કૃ. ૧૬ :૩૪થી ૩૬માંથી વાર્તાના ત્રીજાભાગનું વર્ણન કરો.ત્યારબાદ કહો, "જેલરે, પાઉલ અને સિલાસને શું કહ્યું તે સાંભળો."

**જેલર** : "હું આનંદીત છું કેમ કે મેં તથા મારા કુટુંબે પ્રભુ ઈસુ પર વિશ્વાસ મુક્યો છે અને બાપ્તિસ્મા લીધુ છે. તમે અમારા ઘરે આવો તમારા માટે મિજબાની તૈયાર કરેલ છે.

**ન્યાયાધીશ** : મેજ પર હાથ પછાડી કહે છે "સુપ્રભાત" જેલર હવે તમે પાઉલ અને સિલાસને મુક્ત કરી શકો છો.

**જેલર** : ભાઈઓ તમે મારા તથા મારા કુટુંબીઓ માટે પ્રભુ ઈસુના સુસમાચાર લાવ્યા તેને માટે અભાર. શાંતિએ જાઓ તમે મુક્ત છો.

**ઉદ્‌ઘોષક** અથવા પરીપકવ યુવાને નાટક ભજવનાર તથા તેમા મદદરૂપ થનારનો આભાર માનવો.

**પ્રશ્નોત્તરી** : ઉપરની વાર્તાને બાળકોએ જો નાટક સ્વરૂપે પુખ્ત વયના એટલે કે મોટા લોકો માટે રજૂ કરેલ હોય તો તમે ઉપરોક્ત પ્રશ્નો શરુઆતમાં જે આપેલા છે તે પુખ્તવયના એટલેકે માટા લોકોને પૂછો.

**બાળકોને પ્રશ્ન કરો** - ઉપરોક્ત નાટકના અનુભવ થી આપણે આપણા પ્રભુની આરાધના અને સેવા કેવી રીતે કરી શકીએ ઉપરોક્ત નાટક આપણને કેવું ઉદાહરણ આપે છે ?

તમારા નાના શહેરમાં આવેલ ખાસ પ્રકારના એક ઘરનું ચિત્ર બનાવો અને તેની નકલ બાળકોને કરવાનું કહો. ત્યારબાદ આરાધનાની સંગતમાં તે ચિત્ર મોટેરાઓને દેખાડો. અને તેના પરથી ઈસુની આરાધના આપણે ઘરોમાં કે અન્ય કોઈપણ જગ્યાએ કરી શકીએ છીએ તે બાબતનું વર્ણન કરો.



યોહન ૪ :૨૪ **મુખપાઠ કરો.**

**કાવ્ય :** બાળકોમાંથી ત્રણ બાળકોને ગીતશાસ્ત્ર ૧૩૬ :૧ થી૯ માંથી બે કલમો વહેંચીને ગાવાનું કહો અને આખા સમુહને દરેક બે કલમ પછી ''તેનો પ્રેમ સદાને માટે કાયમ છે.'' તેવું બોલવાનું કહો.

પરીપકવ યુવાને ઘરમાં મળતી આરાધાનની સંગત ઉપર કાવ્ય કે ગીત લખવા માટે પ્રેરાય તેવી વ્યવસ્થા કરો.

**પ્રાર્થના :** પ્રેમાળ પ્રભુ અમે ગમે તે સમય અને ગમે તે સ્થળે તારી આરાધના કરી શકીએ છીએ તેને માટે તારો આભાર. અમે નાના સમુહમાં હોઈએ તો પણ કોઈ વાંધો નથી. અમારા આખા કુટુંબને તારી સમક્ષ લઈ આવ્યો તેનો માટે અમે તારા આભારી છીએ. અમારા પૂરા મનથી તારી આરાધના કરીએ તેના માટે તૂ અમને મદદરૂપ થા. આમેન

Copyright 2004© by Paul-Timothy. May be freely copied.
Download from www. Paul-Timonthy.net.